જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ થાય કે સુરત ડીસ્ટ્રીકટનાં રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કામરેજનાં મોજે **દેલાડ** ગામની સીમની ખાતા નંબર **૭૬૧** ની જુની શરતની **રી-સર્વે મુજબ નવો બ્લોક નંબર ૬૧૬,** જુનો બ્લોક નંબર **૨૫૬,** સર્વે નંબર **૧૧૦** ની બાગાયત પિયત જમીન, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. **૦-૮૪-૨૭,** આકાર રૂા. **૯-૭૮** પૈસાની જમીન આવેલ છે, જેનાં રેવન્યુ રકર્ડમાં સુરેન્દ્રસિંહ કેશરસિંહ દેસાઈ, તથા વિરેન્દ્રસિંહ રણજીતસિંહ દેસાઈ, તથા નરેન્દ્રસિંહ રણજીતસિંહ દેસાઈનું નામ ચાલે છે, અને તે જમીનમાં કન્ફર્મીંગ પાર્ટી ૧/૩ હિસ્સાનાં હકકદાર સગીર તૃષ્ટિ હરીશભાઈ દેસાઈ, એ સગીરનાં વાલી પ્રિયંકાબેન હરીશકુમાર દેસાઈ ચાલી આવેલ છે. અને તે જમીન તેઓએ તેમની માલીકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહીત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈ પ્રકારનાં લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની, ભરણપોષણનાં હકકો, સુખાધિકારનાં હકકો, કબજો કે લીયન યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં કાયદેસરનાં લેખીત પુરાવા સહીત હમોને તેની જાણ રૂબરૂ મળી અગર નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો, મુદત વિત્યા બાદ સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, સબંધ, હિસ્સો, બોજો, લાગભાગ કે દરદાવો કે કબજા હકક નથી અને હોય તો તે તમામ છોડી દીધા છે યાને વેવ કરેલ છે તેમ સમજી સદરહું જમીનનાં વેચાણ અંગેનાં વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો/રજી. વેચાણ દસ્તાવેજ હમારા અસીલ મજકુર જમીન માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

મારી મારફત - સુરેશકુમાર આર. મોદી - એડવોકેટ
ઓફીસ : ૧૦૩, રાધાકૃષ્ણ સોસાયટી, જલારામ મંદિરની બાજુમાં, કઠોર, તા. કામરેજ, જી. સુરત. મો.નં. ૯૮૨૪૭-૨૪૭૬૫

વેચાણ તથા ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, **મજુરા** સબડીસ્ટ્રીકટનાં ગામ મોજે **મજુરાનાં** રે.સ.નં. ૬૬/૨ અન્વયે નોંધાયેલી સુમારે ૨૩૬૨૬ ચો.મી. બીનખેતીની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા) નાં ફા. પ્લોટ નં. ૧૧૧ તથા ૮૨ માં સમાવેશ થતાં ટી.પી.સ્કીમનાં ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૭૮૧૮ ચો.મી. કાયમ કરવામાં આવેલ છે તેમજ જે જમીનનો હાલ સીટી સર્વે **વોર્ડ-મજુરામાં** સમાવેશ થતા **સીટી સર્વે નં. ૧૦૬૫/બ** ફાળવવામા આવેલ છે તેમજ જેનું સીટી સર્વે દફતર મુજબ ક્ષેત્રફળ ૧૬૧૩૦ ચો.મી. કાયમ કરવામાં આવેલ છે તે બીનખેતીની જમીનમાં આયોજીત **"કે.એન.પાર્ક સોસાયટી"** માં આવેલ **પ્લોટ/આવાસ નં. ઓ/૧** વાળી સુમારે **૧૪ ફુટ પહોળાઈ × ૪૫ ફુટ લંબાઈ યાને ૫૮.૫૩ ચો.મી.** તથા યુ.એલ.સી. ૨૧ (૧) ની મંજુર થયેલ સ્કીમ મુજબ સુમારે **૩૯.૫૨ ચો.મી.** જમીન તથા તે ઉપર આવેલ બાંધતળીયાનાં સુમારે **૪૪.૬૮ ચો.મી.** બાંધકામ સહિતની મીલકતનાં માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર તરીકે **શ્રી નરેશભાઈ સાકરલાલ ઉમરાવ** ચાલી આવેલા. હાલનાં માલીકનાં જણાવ્યા પ્રમાણે સદર મીલકતનાં ટાઈટલ સાંકળ મુજબ તેમનાં નામે નોંધાયેલ **વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૪૮૧૯, તા. ૧૩/૧૨/૧૯૯૦** ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ સહિત તેઓથી ક્યાંક ગુમ થયેલ હોવાનું જણાવી અને ઘણી શોધખોળ કરવા છતાંમળી આવતી ન હોવાનું જણાવી હમો પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરી છે. સબબ, **ઉપરોકત વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ** જો કોઈનાં કબજામાં કે બીજામાં હોય અને તે આધારે સદરહુ મિલકતમાં હરકોઈ કોઈપણ વ્યકિત, રાષ્ટ્રીયકૃત, સરકારી બેંક કે મંડળીઓ કે સંસ્થા તેમજ અન્ય કોઈના લાગભાગ, હકક, હિસ્સો, દર-દાવો, ઈઝમેન્ટના કે કબજાના કે અન્ય હરકોઈ પ્રકારના હકકો લાગુ પડતા હોય કે કોઈકના બોજા, ચાર્જ-લેણું, સોદા, સાટાખત વિગેરે હોય તો **દિન-૭ (સાત)** માં દસ્તાવેજી પુરાવાઓની **"પ્રમાણીત કરેલ કલર ઝેરોક્ષ"** સહીત હમોને લેખીતમાં નીચેના સરનામે જાણ કરવી. મજકુર મુદત વિત્યા બાદ સદરહું મિલકત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો વિગેરે નથી અને હોઈતો મજકુર મિલકત માલીકની તરફેણમાં જતા કરેલ યાને વેવ કરેલ છે તેમ શુધ્ધબુધ્ધિપૂર્વક માની **ઉપરોકત વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ** ખરેખર ગુમ થયેલ હોવાનું માની સદરહું મિલકત અંગે હમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું તથા હમારા અસીલ વેચાણ અવેજના તમામ નાણા ચુકવીને કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી સદરહું મિલકતનો પ્રત્યક્ષ કબજો લઈ લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે કરીયાદ ચાલશે નહિ. જેની સબંધીત સર્વેએ નોંધ લેવી.
સ્થળ : સુરત.તારીખ : ૧૪/૦૧/૨૦૨૬.

ઓફિસ : ૧/૧૪૯૫, બીજો માળ, લો-એવન્યુ, મેઘ પેલેસ એપાર્ટમેન્ટની સામે, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત. મો. ૯૮૭૯૮ ૫૬૯૯૩
પરેશ એસ. મોદી એડવોકેટ

ઋણ વસુલી અધિકારી-II

ભારત સરકાર (નાણાં મંત્રાલય)
ત્રીજો માળ, બીભુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટેલી.નં.૦૭૯-૨૬૫૬૩૨૩, ફેક્સ : ૦૭૯-૨૬૫૬૩૨૪
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમ ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૧૧૬/૨૦૨૨	ઓ.એ. નં.	૮૨૧/૨૦૨૦
બેંક ઓફ ઈન્ડિયા,		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
મેસર્સ શાંતિ ટેક્ષટાઈલ અને અન્યો		પ્રમાણીત દેવાદાર	

માંગણા નોટીસ

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ શાંતિ ટેક્ષટાઈલ, (માલિકીની) ૧૫૩, પહેલો માળ, જય ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨, અંજના કામ, હનુમાન ભાજીવાલા પાસે, રઘુકુલ માર્કેટ પાસે, સુરત-૩૯૫૦૦૨.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રી રવિન્દ્ર સીતારામ શર્મા, (સોલ પ્રોપ્રાઈટર કમ ગીરવેદાર) ડી/૩૩, ૨૦૪, અક્ષર ટાઉનશીપ, પુણા કુંભારીયા રોડ, સુરત- ૩૯૫૦૧૦.
માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર, ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૮૨૧/૨૦૨૦**માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂા.૮૨,૩૬,૧૫૦.૪૫ (અંકે રૂપિયા બ્યાંસી લાખ છત્રીસ હજાર એકસો પંચાસ અને પીસ્તાલીસ પૈસા પુરા)** ની રકમ તા.૧૩.૧૧.૨૦૨૦ ના રોજ ના અને **તા.૧૪.૧૧.૨૦૨૦** ના રોજથી વધારાના વ્યાજ વત્તા ખર્ચના **રૂા.૧,૧૧,૦૦૦.૦૦** સહિત તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે.)
અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોકત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.
વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર ખર્ચ અને વ્યાજ
(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ ચાર્જીસ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.
મારી સહી અને પંચના સિકકા સાથે આપવામાં આવ્યું ૦૯.૦૧.૨૦૨૬
હવે પછી ની,
તારીખ : ૧૮.૦૩.૨૦૨૬
સિકકો
(રાજેશકુમાર શર્મા)
વસુલી અધિકારી-I
ઋણ વસુલી અધિકરણ-II, અમદાવાદ

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
લિંક રોડ શાખા : નરાયણ સ્કવેર, ભરૂચ-૩૯૨૦૦૧,ગુજરાત
ઈન્ડીયા, **મો.:** ૯૦૯૯૦૦૬૭૭૪
E-mail : linbha@bankofbaroda.com

કબજા નોટીસ કલમ (૧૩(૪)) સ્થાયી મિલકત માટે (જૂઓ રૂલ-૮(૧) હેઠળ સેકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨)

નીચે સહી કરનાર **બૈંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) (રૂલ ૮) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૦૬.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ જામીનદાર **શ્રી કદમ સંતોષ મોરારીશંકર (દેવાદાર), શ્રીમતી ઉજવલાબેન આનંદભાઈ ભોઈને (જામીનદાર)** તે **શ્રી મોરારીશંકર કદમ ની પુત્રી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૧,૭૧,૭૩૪.૫૨ /- (રૂા.એકવીસ લાખ એકોતેર હજાર સાતસો ચોત્રીસ અને બાવન પૈસા પુરા)** ના રોજ વધારા નુ વ્યાજ અને ચાર્જીસ સાથે આ નોટીસ પ્રાપ્તીની નોટીસ / તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર / જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૩ મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે. (નીચે દર્શાવેલ મિલકત ઈ-હરાજીમાં વેચાયેલ હોવાથી આ કલમ લાગુ પડતી નથી)
ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૈંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૧,૭૧,૭૩૪.૫૨ /-** ના રોજ નુ વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

રજીસ્ટ્રર મોર્ગેજ કરેલ મિલકત કે જે ઓમ કારેશ્વર બંગલોઝ નો પ્લોટ નં. બી/૨૧, જેનુ માપ ૧૨૫.૮૧ ચો.મીટર જેનું બાંધકામ ૯૩.૪૦ ચો.મીટર છે. જે સૂરજ બંગલોઝ નજીક મોજે ઝાડેશ્વર, જી.ભરૂચ, ખાતે આવેલ છે જે કદમ સંપોત મોરારીશંકર ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા **ઉત્તર તરફ :** ઝોડ નો સર્વે નંબર, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. -બી/૨૨, **પૂર્વ તરફ :** સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં.-૩૦

તા.૧૩.૦૧.૨૦૨૬ । સ્થળ : ભરૂચ અધિકૃત અધિકારી, બૈંક ઓફ બરોડા, લિંક રોડ શાખા.

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત-૩૯૬૪૪૫, ફોન નં. ૬૩૫૨૫૫૩૪૭૧
email : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બૈંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (રૂલ ૮) સાથે વંચાણે લઈ **તા.૧૩.૧૦.૨૦૨૫ (તા. ૧૧.૧૧.૨૦૨૫ ના રોજ અંગ્રેજી બિઝનેસ સ્ટાર્ડડ અને ગુજરાતી ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ માં પ્રસિદ્ધ થયેલ છે)** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો **મેસર્સ એન એન એન્ટરપ્રાઈઝ માલિક શ્રી નીતીનકુમાર કેશવલાલ ગોધાણી અને જામીનદાર/ ગીરવેદાર શ્રી કેશુભાઈ દેવશીભાઈ ગોધાણી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૦,૪૨,૬૯૦.૧૯ (અંકે રૂા. વીસ લાખ બેતાલીસ હજાર છસો નેવું અને ઓગણીસ પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫** ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ થી વ્યાજ સહિત) અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર/ જામીનદાર અને ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/જામીનદાર અને ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
ખાસ કરીને દેવાદારો/ જામીનદાર અને ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૈંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૦,૪૨,૬૯૦.૧૯ (અંકે રૂા. વીસ લાખ બેતાલીસ હજાર છસો નેવું અને ઓગણીસ પૈસા પુરા) તા.૧૦.૦૯.૨૦૨૫** ના રોજના (તા. ૧૦.૦૯.૨૦૨૫ થી વ્યાજ સહિત) અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.
દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે શીવગંગા સોસાયટી નો પ્લોટ નં. ૯/બી પૈકી માપ ૬૦૦.૦૦ ચો.મીટર એન.એ થયેલ જમીન તેના ઉપર ઘર ના બાંધકામ માપ ૧૫૧૮.૦૦ ચો.મી.પૈકી રેવન્યુ સર્વે નં. ૨૫૨/૬ પૈકી નવસારી નગરપાલીકા વોર્ડ નં. ૧૯ અને મ્યુનીશીપલ ટેનામેન્ટ નં. ૧૦૦૧૫૮૮૭/૦ (નવો), ૫૮૮૭/૦ (જુનો), જલાલપોર, તા. અને જી.નવસારી ખાતે શ્રી કેશુભાઈ દેવશીભાઈ ગોધાણી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** રોડ, **પશ્ચિમ તરફ :** જોડેની જમીન નો રે.સ.નં. ૨૫૨/૬, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૮/બી, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૧૦/બી.

તા.૧૨.૦૧.૨૦૨૬ । સ્થળ : નવસારી ચીફ મેનેજર, અધિકૃત અધિકારી, બૈંક ઓફ બરોડા આશા નગર શાખા

બૈંક ઑફ બડૌદા Bank of Baroda
આશાનગર શાખા : જસ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશાનગર, નવસારી, ગુજરાત-૩૯૬૪૪૫, **મો.:** ૬૩૫૨૫ ૫૩૪૭૧
E-mail : vjnavs@bankofbaroda.com

પરિશિષ્ઠ -૪ જૂઓ રૂલ-૮(૧) કબજા નોટીસ

નીચે સહી કરનાર **બૈંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) (રૂલ ૮) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૨.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી જીગરભાઈ ઈશ્વરભાઈ ટંડેલ સહદેવાદાર/ગીરવેદાર શ્રી ઈશ્વરભાઈ ટંડેલ અને સહદેવાદાર/સહગીરવેદાર શ્રીમતી મનીષાબેન ઈશ્વરભાઈ ટંડેલ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬,૬૪,૭૩૧.૮૦ /- (રૂા.છ લાખ ચોસઠ હજાર સાતસો એકત્રીસ અને એસી પૈસા પુરા) ના તા. ૧૯.૦૯.૨૦૨૫ (૧૯.૦૯.૨૦૨૫ સુધી નુ વ્યાજ સહિત)** ના રોજ વધારા નુ વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ સાથે આ નોટીસ પ્રાપ્તીની નોટીસ / તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદારો / ગીરવેદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો / ગીરવેદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૨ મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
ખાસ કરીને દેવાદારો / ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૈંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૬,૬૪,૭૩૧.૮૦ /- (રૂા.છ લાખ ચોસઠ હજાર સાતસો એકત્રીસ અને એસી પૈસા પુરા) તા. ૧૯.૦૯.૨૦૨૫ (૧૯.૦૯.૨૦૨૫ સુધી નુ વ્યાજ સહિત)** ના રોજ વધારા નુ વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ ને આધિન રહેશે.
દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મહેશ્વર સોસાયટી નો પ્લોટ નં. ૩૫, જમીન નું માપ ૧૨૩.૯૩ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત કોમન પ્લોટ અને કોમન રોડ માપ ૪૮.૪૪ ચો.મીટર કુલ જમીનનું માપ ૧૭૨.૩૭ ચો. મીટર સર્વે નં. ૧૨૯૫ ગામ સરીભૂજરંગ તા. ગણદેવી ડિસ્ટ્રીક-નવસારી ખાતે શ્રી ઈશ્વરભાઈ ટંડેલ અને શ્રીમતી મનિષાબેન ઈશ્વરભાઈ ટંડેલ ના નામે મૂળ જમીનની આસપાસ વર્તમાન અને ભવિષ્યમાં બાધવામાં આવી છે
જેની ચતુર્દિશા **પૂર્વ તરફ :** પ્લોટ નં.૩૪, **પશ્ચિમ તરફ :** લીલાવતી રતીલાલ શાહની જમીન.**ઉત્તર તરફ :** સોસાયટી રોડ, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૧૬,

તા.૧૨.૦૧.૨૦૨૬ । સ્થળ : નવસારી અધિકૃત અધિકારી, બૈંક ઓફ બરોડા, આશાનગર શાખા.

જાહેર નોટીસ

મહે. સુરતનાં છઠ્ઠા એડી. સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં.
રૂમ નં. ૮૧૬, આઠમો માળ, નવી કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત.
પ્રોબેટ અરજી નં. ૧૫૫/૨૦૨૫.
વિ.વ. શ્રી પી.એમ.ઢોલરીયા

અરજદારઃ મહેન્દ્રભાઈ રવજીભાઈ કોટડીયા.
વિરૂધ્ધ.
સામાવાળાઓઃ અલ્પેશભાઈ રવજીભાઈ કોટડીયા વિગેરે.
આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, આ કામનાં અરજદારના પિતાનાં કાકી ચંપાબેન છગનભાઈ કોટડીયાનું તા. ૧૦-૦૧-૨૦૨૧ ના રોજ અવસાન થયેલું છે અને તેમણે તેમનાં જીવતે જીવ પોતાની હયાતી દરમ્યાન તારીખઃ ૦૬/૦૧/૨૦૨૧ નાં રોજ એક વિલ યાને વસિયતનામું તૈયાર કરેલ છે જે વિલમાં તેમણે નામે ડીસ્ટ્રીકટ સુરત, તાલુકા સુરત સીટી (પુણા) ના મોજે ગામઃ નવાગામમાં આવેલ રે.સર્વે નં.ઃ ૪૩/બી પૈકીથી નોંધાયેલ જમીન કે જેનો ટી. પી. સ્કીમ નંઃ ૮ (ઉમરવાડા), ફાયનલ પ્લોટ નંઃ ૨૪ ની કેટલીક જમીન ઉપર "દિવ્યવસુંધરા ફલેટ્સ" નાં નામથી બાંધવામાં આવેલ બીલ્ડીંગો પૈકી બીલ્ડીંગ નંબરઃ 'ડી' માં આવેલ ફલેટ નંબરઃ ૮ કે જેનું ક્ષેત્રફળ આશરે ૪૧૪ ચો.ફુટ યાને ૩૮.૪૭૫ ચો.મી. વાળી ફલેટ મિલકત અરજદારને માલિકી હકકે પ્રાપ્ત થાય તે મુજબની તેમની અંતિમ ઈચ્છા વ્યકત કરેલ છે જેથી અરજદારે મર્હુમનાં વિલનું પ્રોબેટ મેળવવાની ઉપરોકત નંબરથી અત્રેની કોર્ટમાં અરજી કરી છે. સબબ આ પ્રોબેટ અરજી વિરૂધ્ધ જે કોઈને વાંધો હોય તો તેઓ જાતે અથવા વકિલ મારફતે તા.૧૨/૦૨/૨૦૨૬ નાં રોજ સવારે ૧૦.૪૫ કલાકે મહે. સુરતનાં છઠ્ઠા એડી.સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં, રૂમ નં.૮૧૬, આઠમો માળ, નવી કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત મુકામે હાજર થઈ વાંધા રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે અથવા કોઈપણ વ્યકિત, સંસ્થા વિગેરે પોતાનાં વાંધાઓ ઠરાવ તારીખે રજુ કરશે નહીં તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ તેનો નિકાલ કરશે જેની જાહેર જનતાએ અને લાગતા વળગતા તમામે નોંધ લેવી.
ફુકમથી
આજરોજ તા. ૦૭/૦૧/૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
તૈયાર કરનાર — મુકાબલા કરનાર — સરખાવનાર — રજીસ્ટ્રાર
(એ.ડી.ગોહેલ) માલીકોર્ટ — સુનિલ કુમાર — (નીના દેસાઈ) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત.

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મોજે ગામ **સેવણીના બ્લોક નંબરઃ ૧૮૭** (જુનો બ્લોક નંબરઃ ૪૬૭) થી નોંધાયેલ બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ **હે.આરે. ૦-૧૧-૯૪ ચો.મી.** છે, તથા **બ્લોક નંબરઃ ૧૮૬ (જુનો બ્લોક નંબરઃ ૪૬૮)** થી નોંધાયેલ બિનખેતીની જમીન, જેનું **ક્ષેત્રફળ હે.આરે. ૦-૧૩-૮૬ ચો.મી.** છે, તે જમીન તથા તેને લાગતા વળગતા તમામ હકકો તથા મુળ હકકો સહીતના જમીનના માલીક **મહેશભાઈ ચતુરભાઈ રાદડિયાના** માલીકી હકકે પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટ હેઠળની હોવાનું તથા કલીયર માર્કેટેબલ ટાઈટલ વાળી તથા હાલ કોઈ દાવા તથા કોર્ટ કેસ કોર્ટમાં ચાલુ નથી, તેવું જણાવી મારા અસીલને શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજા સહીત સદર જમીન માલીકોએ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોકત મીલકતના હાલના માલીક સિવાય કોઈ વ્યકિત, બેંક, નાણાંકિય સંસ્થાના કોઈપણ હકક, હિત, હિસ્સા, માલીકી, કબજા ભોગવટા, સોદા ચિઠ્ઠી, બાના ખત, લાભ-ભાગ, દર-દાવા, બોજા, ચાર્જ, ખોરાડી, પોષાકીના યા મીલકતની માલીકી, કબજા, ભોગવટામાં ન્યુનતા થાય તેવા હકકો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં મારા ઠેકાણે લેખીત પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદત વિત્યે મજકુર મીલકત અંગે કોઈ વ્યકિત, બેંક, નાણાંકિય સંસ્થાના કોઈપણ હકક, હિત, હિસ્સા, માલીકી, કબજા ભોગવટા, લાભ-ભાગ, દર-દાવા, બોજા, ચાર્જ, ખોરાડી, પોષાકીના યા મીલકતની માલીકી, કબજા, ભોગવટામાં ન્યુનતા થાય તેવા કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તમામ જતા યાને વેવ કર્યા છે તેમ માની કિંમતી અવેજ ચુકવી, શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે અમારા અસીલ સદરહું જમીનના માલીકી હકકે, શાંતી ભર્યા, પ્રત્યક્ષ કબજે લઈ, તે સલગ્ન વેચાણના જરૂરી લખાણો લખાવી લેશે, ત્યારબાદ